આદિજાતિના કાયદા સ્નાતક યુવકો/યુવતિઓને આપવામાં આવતી “વકીલ સહાય” યોજના હેઠળ બિનઆદિજાતિ વિસ્તારના કાયદાના સ્નાતક યુવકો/યુવતિઓને લાભ મળી શકે તે હેતુથી મદદનીશ કમિશનરશ્રી (બિન આદિજાતિ વિસ્તાર)ને સભ્ય સચિવ તરીકે સિલેક્શન કમિટીમાં નિમણૂંક કરવા તથા વિભાગના તા.૧૫/૦૩/૨૦૨૪ના ઠરાવની શરત નં.(૪)માં સુધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**સુધારા ઠરાવ ક્રમાંક:-TDD/NEW/e-file/25/2023/1808/GH**

સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધા</u> :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૪/૦૭/૧૯૮૭ નો ઠરાવ ક્રમાંક : ટીએપી-૧૧૮૬-૨૪૫૧-ઘ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૦૫/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : ટીએપી-૧૦૮૮-૧૬૧૮-ઘ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૫/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:TDD/NEW/e-file/25/2023/ 1808/GH

(૪) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો તા:૧૨/૦૨/૨૦૨૫ ઇ-સરકારનો પત્ર ક્રમાંક:GTDC/GUJ/e-file/336/2025/0128/Loan

**<u>પ્રસ્તાવના</u> :-**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આદિજાતિના કાયદા સ્નાતક યુવકો/યુવતિઓને આપવામાં આવતી વકીલ સહાયમાં આ વિભાગના તા.૧૫/૦૩/૨૦૨૪ ના વંચાણે લીધા ક્રમાંક – (૩) પરના ઠરાવથી વધારો કરવામાં આવેલ છે. પ્રસ્તુત ઠરાવ હેઠળ ઉમેદવારોની ગુણવત્તા ધોરણે પસંદગી ઠરાવમાં જણાવેલ સિલેક્શન કમિટી કરશે.

બિનઆદિજાતિ વિસ્તારના આદિજાતિ કાયદાના સ્નાતક યુવકો/યુવતિઓને સદર યોજના હેઠળ લાભ ન મળવાથી વંચિત રહે તેમ હોવાથી પ્રસ્તુત “વકીલ સહાય” યોજના હેઠળ બિનઆદિજાતિ વિસ્તારના કાયદાના સ્નાતક યુવકો/યુવતિઓને લાભ મળી શકે તે હેતુથી સિલેક્શન કમિટીમાં મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસને સભ્ય સચિવ તરીકે નિમણૂંક કરવા તથા આ વિભાગના તા.૧૫/૦૩/૨૦૨૪ના વંચાણે લીધા ક્રમાંક-(૩) પરના ઠરાવની શરત નં.(૪)માં સુધારો કરવા માટે કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના તા.૧૨/૦૨/૨૦૨૫ના વંચાણે લીધા ક્રમાંક – (૪) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>સુધારા ઠરાવ</u> :-**

પુખ્ત વિચારણા અંતે, આદિજાતિના કાયદા સ્નાતકોને અપાતી “વકીલ સહાય” યોજનામાં બિનઆદિજાતિ વિસ્તારના કાયદાના સ્નાતક યુવકો/યુવતિઓને લાભ મળી શકે તે હેતુથી મદદનીશ કમિશનરશ્રી (બિન આદિજાતિ વિસ્તાર)ને સભ્ય સચિવ તરીકે કમિટીમાં નીચે જણાવ્યા મુજબ આથી નિમણૂંક કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | હોદ્દો |
| --- | --- | --- |
| ૧ | જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી | અધ્યક્ષ |
| ૨ | પ્રાયોજના વહીવટદારશ્રી (આદિજાતિ વિસ્તાર ) / મદદનીશ કમિશ્નરશ્રી (બિન આદિજાતિ વિસ્તાર) | સભ્ય સચિવ |
| ૩ | જિલ્લા સરકારી વકીલશ્રી | સભ્ય |
| ૪ | જિલ્લા બાર એસોસિયેશનના અધ્યક્ષશ્રી | સભ્ય |

જ્યારે આ વિભાગના તા.૧૫/૦૩/૨૦૨૪ના વંચાણે લીધા ક્રમાંક-(૩) પરના ઠરાવમાં દર્શાવેલ શરત નં.(૪) ને સ્થાને નીચે મુજબની શરત વંચાણે લેવી.

"અરજદારે ગુજરાત બાર કાઉન્સીલમાં નોંધણી કરાવ્યેથી ૨(બે) વર્ષના સમયગાળામાં અરજી કરવાની રહેશે તથા તે અન્વયે સંબંધિત ન્યાયાલય / ટ્રીબ્યુનલમાં વકીલાત માટેનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે."

પ્રસ્તુત યોજનાની અન્ય શરતો / જોગવાઈઓ યથાવત્ રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદરઃ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૧૭-VKY-૨૬: આદિજાતિના લાભાર્થીઓને જુદી જુદી વ્યવસાયિક / શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહાય હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૩/૦૩/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડૉ. કિશોર ધારૈયા)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના: -**

- માન, રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આવિ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આવિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ,વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસામુંડા ૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓની કચેરી તથા સર્વે મદદનીશ કમિશનરશ્રીઓની કચેરી, (કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન મારફતે.)
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, **વેબસાઇટ** ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.